# 1. ભારતનો વારસો

## સ્વાધ્યાય

**ખાસ નોંધ:** GSHESB દ્વારા લેવાયેલ SSCની માર્ચ 2020ની પરીક્ષામાં સામાજિક વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં આકૃતિ આપીને તેના વિશે માહિતી આપવાના પ્રશ્નો પૂછાયા હતા. તેથી અહીં જરૂર જણાય ત્યાં આકૃતિ મૂકવામાં આવી છે. આ આકૃતિ પ્રશ્નના ઉત્તરમાં દોરવાની નથી, પરંતુ આ પ્રમાણેના પ્રશ્નોના ઉત્તર આપવામાં સરળતા રહે તે માટે મૂકી છે.

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોનાં ઉત્તર સવિસ્તર લખો:**

**(1) આર્ય અને દ્રવિડ સંસ્કૃતિની વિગત આપો.**

❖ **આર્ય સંસ્કૃતિ:**

- ભારતની આર્ય સભ્યતાના નિર્માતાઓ આર્ય (નોર્ડિક) લોકો હતા.
- પ્રાચીન કાળમાં હિન્દુઓ આર્ય કહેવાતા.
- તેઓની મુખ્ય વસ્તીવાળા પ્રદેશને 'આર્યાવર્ત' નામ આપવામાં આવ્યું હતું.
- પ્રાચીન સમયમાં પ્રથમ આર્ય વસ્તી વાયવ્ય ભારતમાં હતી. ત્યાં સાત મોટી નદીઓ વહેતી હતી. તેથી એ પ્રદેશને 'સપ્તસિંધુ' નામ આપવામાં આવ્યુ હતું.
- તેઓ અન્ય સમકાલીન પ્રજા કરતાં વધુ વિકસિત હતા.
- આર્ય રાજા ભરત કે ભરત જાતિના નામ પરથી આપણો દેશ ભરતભૂમિ, ભરતખંડ, ભારતવર્ષ કે ભારત વગેરે નામોથી ઓળખવા લાગ્યો.
- આર્યો પ્રકૃતિપ્રેમી હતા. તેઓ વૃક્ષો, પહાડો, નદીઓ, સૂર્ય, વાયુ, વરસાદ વગેરેની પૂજા-આરાધના કરતા હતા.
- તેમણે આ તત્વોની સ્તુતિઓ (ઋચાઓ) રચી હતી. સમય જતાં તેમાંથી વેદપઠન પ્રચલિત બન્યું.
- તેમણે ભારતની અન્ય સંસ્કૃતિઓનાં વિશિષ્ટ તત્ત્વો અપનાવીને એક સમન્વયી સંસ્કૃતિનું સર્જન કર્યું હતું.
- આર્યોએ ભારતને ભવ્ય અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો આપ્યો છે.

❖ **દ્રવિડ સંસ્કૃતિ:**

- દ્રવિડો મૂળ ભારતના હતા.
- તેમને મોંહે-જો-દડોની (સિંધુખીણની) સંસ્કૃતિના સર્જકો પાષાણયુગની સંસ્કૃતિના સીધા વારસદાર અને પાષાણયુગની સંસ્કૃતિના સીધા વારસદાર માનવામાં આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ઉત્તરમાંથી આવેલી વિવિધ પ્રજાની ભાષા અને સાંસ્કૃતિક લક્ષણો ટકી રહ્યાં.
- તેમણે માતારૂપે દેવી એટલે પાર્વતી અને પિતૃરૂપે પરમાત્મા એટલે શિવની પૂજાની સમજ આપી.
- દીપ, ધૂપ અને આરતીથી પૂજા કરવાની પરંપરા દ્રવિડોએ આપી હોવાનું મનાય છે.
- આ ઉપરાંત, પ્રકૃતિ-પૂજા અને પશુ-પૂજા એ દ્રવિડોની ભેટ છે.
- દ્રવિડોમાં માતૃમૂલક કુટુંબપ્રથા પ્રચલિત હતી.
- અવકાશી ગ્રહો, કાંતવું, વણવું, રંગવું, હોડી-તરાપા વગેરે ક્ષેત્રોમાં તેમનું વિશેષ પ્રદાન જોવા મળે છે.
- ઉત્તર ભારત પર આર્યોએ કાબૂ મેળવતાં દ્રવિડો દક્ષિણ ભારતમાં સ્થાયી થયા હતા.
- આજે દક્ષિણ ભારતમાં દ્રવિડ કુળની તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ ભાષાઓ બોલતા લોકો વસે છે.
- પ્રારંભિક તમિલ સાહિત્ય ઊર્મિની અભિવ્યક્તિથી ભરેલું છે.

### (2) સંસ્કૃતિનો અર્થ આપી વિગતે સમજાવો.

- સંસ્કૃતિ એટલે 'જીવન જીવવાની રીત'.
- દેશ કે સમાજમાં કાળક્રમે બદલાતા સંજોગો અનુસાર જનજીવનમાં આવતાં પરિવર્તનો, સુધારા, સામાજિક નીતિ, રીતિ વગેરે વડે ભિન્ન ભિન્ન સમાજોની સંસ્કૃતિ બને છે.
- માનવીએ માનવ મનનું ખેડાણ અને તેમાં માનવ સમાજની ટેવો, મૂલ્યો, આચાર-વિચાર, ધાર્મિક પરંપરાઓ, રહેણીકરણી અને જીવનને ઉચ્ચતમ ધ્યેય સુધી લઈ જતા આદર્શોનો સરવાળો.
- માનવીએ વિકસાવેલાં સાહિત્ય, તત્ત્વચિંતનની વિવિધ વિચારધારાઓ, ધાર્મિક પરંપરાઓ, લલિતકલાઓ, ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલા, વિભિન્ન સામાજિક સંસ્થાઓ અને વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ વગેરેનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે.
- સંસ્કૃતિમાં કોઈ પણ પ્રજાસમૂહની આગવી જીવનશૈલી (The Way of life)નો સમાવેશ થાય છે.

### (3) 'ગુજરાતનો સાંસ્કૃતિક વારસો' સવિસ્તર સમજાવો.

| ❖ ગુજરાતમાં સાંસ્કૃતિક, પૌરાણિક અને પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતા મુખ્ય સ્થળો: | |
|---|---|
| લોથલ | ધોળકા તાલુકો (અમદાવાદ જિલ્લો) |
| રંગપુર | લીમડી તાલુકો (સુરેન્દ્રનગર જિલ્લો) |
| ધોળાવીરા | કચ્છ જિલ્લો |
| રોઝડી અથવા શ્રીનાથગઢ | રાજકોટ જિલ્લો |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❖ મુખ્ય ઐતિહાસિક સ્થળો:

| | |
|---|---|
| વડનગર | કીર્તિતોરણ |
| જૂનાગઢ | સમ્રાટ અશોકનો શિલાલેખ,<br>મહોબતખાનનો મકબરો |
| મોઢેરા | સૂર્યમંદિર |
| ચાંપાનેર | કિલ્લો તથા દરવાજો |
| સિદ્ધપુર | રુદ્રમહાલય |
| વિરમગામ | મનસુર તળાવ |
| વડોદરા | રાજમહલ |
| પાટણ | સહસ્રલિંગ તળાવ,<br>રાણકી વાવ |

| | |
|---|---|
| અમદાવાદ | જામા મસ્જિદ,<br>ઝૂલતા મિનારા,<br>સીદી સૈયદની જાળી,<br>હઠીસિંગના દહેરાં,<br>સરખેજનો રોજો,<br>રાણી સિપ્રિની મસ્જિદ,<br>નગીના વાડી |
| જૂનાગઢ | |
| નવસારી | પારસી અગિયારી |



અશોકનો શિલાલેખ

❖ ધાર્મિક સ્થળો:

| | | |
|---|---|---|
| દ્વારકા | દ્વારકાધીશનું મંદિર,<br>જગદગુરૂ શંકારાચાર્યની શારદાપીઠ | દેવભૂમિ દ્વારકા જિલ્લો |
| સોમનાથ | 12 જ્યોતિર્લિંગો પૈકીનું એક સોમનાથ મંદિર | ગીર સોમનાથ જિલ્લો |
| અંબાજી | અંબાજીનું મંદિર | બનાસકાંઠા જિલ્લો |
| બહુચરાજી | બહુચરાજીનું મંદિર | મહેસાણા જિલ્લો |
| પાવાગઢ | મહાકાલીનું મંદિર | પંચમહાલ જિલ્લો |
| ઉનાવા | મીરા દાતાર | પાટણ જિલ્લો |
| પાલિતાણા | જૈન તીર્થ | ભાવનગર જિલ્લો |
| ડાકોર | રણછોડરાયજીનું મંદિર | ખેડા જિલ્લો |
| શામળાજી | શામળાજી | અરવલ્લી જિલ્લો |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| ❖ સાંસ્કૃતિક મહોત્સવો: | | |
|---|---|---|
| પોળો | વિજયનગર | સાબરકાંઠા જિલ્લો |
| પતંગોત્સવ,<br>કાંકરિયા કાર્નિવલ | અમદાવાદ શહેર | અમદાવાદ જિલ્લો |
| તાના-રીરી મહોત્સવ | વડનગર | મહેસાણા જિલ્લો |
| ઉત્તરાર્ધ – નૃત્ય મહોત્સવ | મોઢેરા | મહેસાણા જિલ્લો |
| રણોત્સવ | કચ્છ | કચ્છ જિલ્લો |

| ❖ મેળાઓ: | | |
|---|---|---|
| મોઢેરાનો મેળો | મોઢેરા | મહેસાણા જિલ્લો |
| ભાદરવી પૂનમનો મેળો | અંબાજી | બનાસકાંઠા જિલ્લો |
| ભવનાથનો મેળો | ગિરનાર | જૂનાગઢ જિલ્લો |
| તરણેતરનો મેળો | તરણેતર | સુરેન્દ્રનગર જિલ્લો |
| વૌઠાનો મેળો | ધોળકા | અમદાવાદ જિલ્લો |

❖ બૌદ્ધ અને જૈન ધર્મની ગુફાઓ:

- ગુજરાતમાં વડનગર, તારંગા, ખનાલીડા, જુનાગઢ, શામળાજી, કોટેશ્વર, તળાજા, ઢાંક, ઝઘડિયા વગેરે સ્થળોએ બૌદ્ધ અને જૈન ધર્મની ગુફાઓ આવેલી છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોનાં ઉત્તર મુદ્દાસર લખો:

### (1) ભારતીય વારસાનાં જતન અને સંરક્ષણ અંગે આપણી બંધારણીય ફરજો જણાવો.

- આપણા બંધારણના અનુચ્છેદ 51 (ક)માં ભારતના નાગરિકની મૂળભૂત ફરજો દર્શાવી છે. તેમાં (છ), (જ) અને (ટ) એટલે કે (6), (7) અને (9)માં ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાના જતન માટે નીચેની ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી, તેને જાળવણી કરવી.
- દેશનાં જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુ-પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન અને સુધારણા કરવી અને બધા જીવો પ્રત્યે દયા દાખવવી.
- દેશની જાહેર મિલકતોનું રક્ષણ કરવું.
- હિંસાનો ત્યાગ કરવો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આપણા સાંસ્કૃતિક વારસાના પ્રતિક સમા પ્રાચીન સ્મારકો તથા ઐતિહાસિક અને ધાર્મિક મૂલ્ય અને મહત્વ ધરાવતાં સ્થળોને કોઈ પણ પ્રકારનું નુકશાન ન પહોંચાડવું અને તેમનું જતન કરવું એ આપણા સૌની ફરજ છે.
- ભારતનાં પ્રકૃતિનિર્મિત રમ્ય ભૂમિદ્રશ્યોની શુદ્ધતા, પવિત્રતા અને સુંદરતાની જાળવણી કરવી એ આપણા સૌની નૈતિક ફરજ છે.

### (2) પ્રાકૃતિક વારસાનો અર્થ સમજાવી, ભારતના પ્રાકૃતિક વારસામાં સમાવેશ થતી બાબતો જણાવો.

- પ્રાકૃતિક વારસાનો અર્થ :

→ પ્રકૃતિ, પર્યાવરણ અને માનવજીવનની વચ્ચેના નિકટતમ સંબંધોનું પરિણામ એટલે પ્રાકૃતિક વારસો.

- પ્રાકૃતિક વારસામાં સમાવેશ થતી બાબતો :
- ભારતનો પ્રાકૃતિક વારસો વિશિષ્ટ અને વૈવિધ્યતાસભર છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :
  - ઊંચા પર્વતો, જંગલો, વિશાળ ફળદ્રુપ મેદાનો
  - ઝરણાં, નદીઓ, સાગરો
  - ખીણપ્રદેશો, રણપ્રદેશો
  - વૈવિધ્યપૂર્ણ ભૂમિદ્રશ્યો, વિવિધ પ્રકારના ખડકો, ખનીજો
  - વૃક્ષો, વનસ્પતિઓ, જીવજંતુઓ, પશુ-પક્ષીઓ, પ્રાણીઓ
  - ઋતુઓ
  - પ્રકૃતિએ આપણી આહાર, પાણી, શુદ્ધ વાયુ તેમજ નિવાસસ્થાન જેવી આવશ્યકતાઓ પૂરી પાડી છે.

### (3) ભારતના સાંસ્કૃતિક વારસાનો ખ્યાલ આપો.

- સાંસ્કૃતિક વારસો એટલે માનવસર્જિત વારસો.
- માનવીએ પોતાનાં કુનેહ, બુદ્ધિશક્તિ, આવડત અને કલા-કૌશલ્ય વડે જે કંઈ સર્જ્યું કે મેળવ્યું છે તેને 'સાંસ્કૃતિક વારસો' કહે છે.
- પ્રાગ્ઐતિહાસિક સમયથી ભારતે સાંસ્કૃતિક વારસાની અનેક બાબતો વિશ્વની પ્રજાને આપી છે. દા.ત. શિલ્પ સ્થાપત્યની કળા, જે લગભગ 5000 વર્ષ જૂની છે.
- આ કળામાં સિંધુ ખીણ સંસ્કૃતિના પુરાતન અવશેષો ગણી શકાય. જેમ કે, તેમાંથી મળી આવેલ નર્તકી, દેવ-દેવીઓનાં, પશુઓનાં અને માનવ-આકૃતિનાં શિલ્પો, બાળકોને રમવાનાં કેટલાક રમકડાં, દાઢીવાળા પુરુષનું શિલ્પ વગેરે આપણા પ્રાચીનતમ સાંસ્કૃતિક વારસનું ગૌરવ છે.
- મૌર્ય શિલ્પોમાં ઊંધા કમળની આકૃતિ ઉપર વૃષભ અને સિંહનું શિલ્પ, ગૌતમ બુદ્ધનું પ્રજ્ઞા પારમિતાનું શિલ્પ, સારનાથની ધર્મચક્ર પ્રવર્તનવાળી ગૌતમ બુદ્ધની પ્રતિમા તેમજ ગુપ્તયુગની જૈન તીર્થંકરોની

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પ્રતિમાઓ અને રાષ્ટ્રકૂટ રાજાઓના સમયની ઈલોરાની ગુફાઓનાં શિલ્પો આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાની સમૃદ્ધિનાં દર્શન કરાવે છે.

- ભારતના સાંસ્કૃતિક વારસામાં મંદિરો, મસ્જિદો, મકબરા, સ્તૂપો, ચૈત્યો, વિહારો, ગુંબજો, રાજમહેલો, ઈમારતો, શિલાલેખો, કિલ્લાઓ, દરવાજાઓ, ઉત્ખલન કરેલાં સ્થળો તેમજ ઐતિહાસિક સ્મારકોનો સમાવેશ કરી શકાય.
- સાબરમતી આશ્રમ તેમજ દાંડી, વર્ધા, બારડોલી, શાંતિનિકેતન, દિલ્લી જેવાં સ્થળો વગેરેનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત, ભાષા, લિપિ, અંકો, શૂન્યની શોધ, ગણિત, પંચાગ, ખગોળ, ધાતુ, ધર્મ, સાહિત્ય, યુદ્ધશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ન્યાયતંત્ર, વિધિ-વિધાન, પર્યાવરણ સુરક્ષા વગેરેની મહત્વની શોધોનો પણ સાંસ્કૃતિક વારસામાં સમાવેશ થાય છે.
- આપણા આ સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા પ્રત્યે આદર અને ગર્વ અનુભવાય છે.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોનાં ઉત્તર ટૂંકમાં લખો:

**(1) આર્ય પ્રજા અન્ય કયા નામે ઓળખાય છે ?**

- આર્ય પ્રજા નોર્ડિક નામે પણ ઓળખાય છે.

(2) નેગ્રીટો (હબસી) પ્રજા વિશે ટૂંકી માહિતી આપો.

- નેગ્રીટો અથવા નીગ્રો (હબસીઓ) ભારતના સૌથી પ્રાચીન નિવાસીઓ હતા.
- કેટલાક ઈતિહાસકારોનું માનવું છે કે તેઓ આફ્રિકામાંથી બલુચિસ્તાનના રસ્તે થઈ ભારતમાં આવેલા.
- તેઓ વર્ણે શ્યામ, 4 થી 5 ફૂટ ઊંચા અને માથે વાંકડિયા વાળ ધરાવતા હતા.

**(3) ભારતની રાષ્ટ્રમુદ્રામાં કયાં કયાં પ્રાણીઓ દર્શાવાયેલાં છે ?**

- ભારતની રાષ્ટ્રમુદ્રામાં ચાર સિંહો, ઘોડો અને બળદ – આ પ્રાણીઓ દર્શાવાયેલાં છે.

## પ્રશ્ન 4: નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:

(1) "લોકમાતા" શબ્દ કોના માટે ઉપયોગમાં લેવાય છે ?

(A) ભારત

(B) પ્રકૃતિ

(C) નદીઓ

(D) પનિહારીઓ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(2) નીચેના પૈકી કઈ જોડી સાચી છે ?

(A) શારદા પીઠ – સોમનાથ

(B) પોળો ઉત્સવ – વડનગર

(C) ઉત્તરાર્ધ નૃત્ય મહોત્સવ – મોઢેરા

(D) સીદી સૈયદની જાળી – ભાવનગર

(3) દ્રવિડકુળની ભાષાઓમાં નીચેનામાંથી કઈ ભાષાનો સમાવેશ ન કરી શકાય ?

(A) હિન્દી

(B) તમિળ

(C) કન્નડ

(D) મલયાલમ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in